बाळ विश्वविद्यालय

सत्यम् ऋतम् बृहत्

# બાળવિશ્વ

પ્રત્યેક બાળક મહત્ત્વનું છે

વર્ષ-૧, અંક-૬, એપ્રિલ ૨૦૧૩



: ફોન :
૦૭૯-૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯

તંત્રી : અનંત શુક્લ
બાળ વિશ્વવિદ્યાલય
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,
સેક્ટર-૨૦, ગાંધીનગર

: ઈ-મેઈલ :
vccu.gujarat@gmail.com
: વેબસાઈટ :
www.cugujarat.ac.in

પુસ્તકપ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે.

# બાળવિશ્વ

## 'બાળ વિશ્વવિદ્યાલય'નું મુખપત્ર

કલિ યુગાબ્દ : ૫૧૧૪

વિક્રમ સંવત : ૨૦૬૯

શક સંવત : ૧૯૩૪

અંક-૬

**પ્રકાશક :**
બિપિન ભટ્ટ
કુલસચિવ
બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

**પરામર્શક :**
હર્ષદ પ્ર. શાહ
કુલપતિ
બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

**તંત્રી :**
અનંત શુક્લ

**સંપાદકો :**
મમતા શર્મા
ભરત પટેલ

**વ્યવસ્થાપન :**
અશોક એન. પ્રજાપતિ

**ચિત્રાંકન :**
બિપિન સથવારા

**ટાઈપ સેટીંગ :**
મયૂરસિંહ વાઘેલા
બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

**પત્રવ્યવહારનું સરનામું :**
તંત્રીશ્રી,
'બાળવિશ્વ' બાળ વિશ્વવિદ્યાલય,
સુભાષચન્દ્ર બોઝ શિક્ષણ સંકુલ,
સેક્ટર-૨૦, ગાંધીનગર


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | તંત્રી સ્થાન... | |
| ૧ | તેજોમય ભારતના તેજપંથી બનીએ... | હર્ષદ પ્ર. શાહ |
| ૨ | અજબ ચોર | ઝવેરચંદ મેઘાણી |
| ૩ | કાચો ઘડો કાચું સૂતર | અમૃતલાલ વેગડ |
| ૪ | જંગલમાં સાક્ષરતા અભિયાન | કપિલ સતાણી |
| ૫ | પુસ્તક હાથમાં, જગત સાથમાં | મમતા શર્મા |
| ૬ | મહાન ભારતીય – ડૉ. આંબેડકર | પ્રકાશ પરમાર |
| ૭ | મહાન આત્માને જન્મ આપનારી માતાના ભાવો | ડૉ. કુમારપાળ દેસાઈ |
| ૮ | કાલથી વેકેશન | કિશોર જોષી |
| ૯ | અગ્નિશમન સેવા દિન | દીપક જગતાપ |
| ૧૦ | Let's Know... | With Thanks from 'Tell me why' - Manorama |
| ૧૧ | Chose your friends carefully | Brahmavarchas |
| ૧૨ | Books want to say something | Safdar Hashmi |
| ૧૩ | Ideal Teachers | The Mother |
| ૧૪ | UNICEF'S Core Commitments for Children | |
| ૧૫ | Read & tell your friends | Compiled |
| ૧૬ | પ્રવૃત્તિદર્શન | સંકલન |



રૂ. ૧૫.૦૦



© ટાઈટલ કોપીરાઈટ 'બાળ વિશ્વવિદ્યાલય', સુભાષચન્દ્ર બોઝ શિક્ષણ સંકુલ,



'બાળ વિશ્વવિદ્યાલય' વતી પ્રકાશક શ્રી બિપિન ભટ્ટ, 'બાળ વિશ્વવિદ્યાલય', સુભાષચન્દ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગરથી પ્રકાશિત.
મુદ્રક : યોગેશભાઈ બાલકૃષ્ણ પરીખ, ગુજરાત ઑફસેટ પ્રા.લિ., વટવા, અમદાવાદ.

# તંત્રી સ્થાન

□ સાથી, હાથ બઢાના... !

બાળકો માટેનું મેગેઝિન કેવું હોય તો મજા પડી જાય ?

આ પ્રશ્ન ઉપર અમે અનેક પ્રકારે ચર્ચાઓ કરી છે - ગંભીરતાથી, ઠાવકાઈથી, નિષ્ણાતોની સહાયથી, લાગણીસભર અવાજોમાં, ભેજાતોડ-ગળાતોડ-કાનતોડ અને ડોલ ભરીને ચા પીતાં-પીતાં ! આટલું જ નહીં, અમે શિક્ષકોને, વાલીઓને, બાળકોને, અમારા પ્રિય **બાળવિશ્વ** ના વાચકોને સૂચન, વિનંતી અને આજીજી કરીને પ્રતિભાવો આપવાનું પણ કહ્યું છે. આ બધાના ફળ સ્વરૂપે અમને ૪૦૦-૫૦૦ ગ્રામ કાગળો છલકાઈ જાય એટલાં સૂચનો પણ મળ્યાં હશે. એમાંનાં કેટલાંક સૂચનો પર અમે યથામતિ-શક્તિ કામ પણ કર્યું છે.

એક લાગણી રહ્યા કરે છે કે 'હજુ બરાબર જામતું નથી, કંઈક ઓછપ, ખોડ, ઘટ કે ઝાંખપ રહી જાય છે.' અમારે તો આ **બાળવિશ્વ** એવું બનાવવું છે કે ગુજરાતની બાળવિકાસ-પ્રિય પ્રજા એને માત્ર વાંચે એટલું જ નહીં, પરંતુ કાગળ સહિત ચાવે. આનાં લખાણો, ચિત્રો, રજૂઆત વગેરેનો સ્વાદ માણે... વાગોળે ! અમારી આ જિદ છેક અવાસ્તવિક તો નથી જ. પણ આ સપનાંને સંભવ બનાવવા માટે નિસબત ધરાવનારા સૌનો સાથ-હાથ-સંગાથ જોઈએ.

આટલા મુદ્દાઓ પર જરા ગૌર ફરમાવોને !

(૧) **બાળવિશ્વ** યુનિવર્સિટી જેવી સંશોધનકેન્દ્રી તથા ઉચ્ચ કક્ષાના અધ્યયન-અધ્યાપન કાર્યક્રમો સાથે સંલગ્ન સંસ્થા દ્વારા પ્રકાશિત થાય છે.

(૨) **બાળવિશ્વ** માત્ર બાળકો જ વાંચે તે ઉદ્દેશથી પ્રગટ થતું નથી. બાળકો ઉપરાંત 'બાળકો માટે' કામ કરતા, ચિંતા-ચિંતન કરતા નીતિ ઘડવૈયા, લેખકો-સર્જકો-સંશોધકો અને માબાપ-વાલી-પરિવાર માટે પણ છે.

(૩) બાળવિકાસ અને ઉછેર અંગેનાં લખાણો તથા બાળકોનાં જ્ઞાન, વિસ્મય, સંવેદના તેમજ કલાદષ્ટિને પોષક સામગ્રીનું સર્જન, એકત્રીકરણ, સંપાદન કરવાનો હેતુ પણ **બાળવિશ્વ** ધરાવે છે.

(૪) **બાળવિશ્વ** (-) 9 મહિનાથી 18 વર્ષ સુધીનાં બાળકોના $360^0$ વિકાસ અને શિક્ષણની પ્રક્રિયામાં અનોખું પ્રદાન કરવાની નેમ ધરાવે છે.

(૫) ભારતીય બાળક-કિશોર-તરુણનો ભાવાત્મક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રસ્ફોટ થાય અને તે અધિકારપૂર્વક કહી શકે કે **'अनन्यो, आनन्दरूपो, अनंतोऽहम्'**. આવા સર્વોચ્ચ ધ્યેયથી બાળ વિશ્વવિદ્યાલય કાર્યરત છે. **બાળવિશ્વ** આ કાર્યનો એક રમણીય આવિર્ભાવ બને તે માટે અમે યત્નશીલ છીએ.

આ સંદર્ભમાં મિત્રો-શુભચિંતકોને અપીલ છે કે સૌ પોતાનાં સૂચનો, વિચારો, આગ્રહો મુક્ત રીતે અમને મોકલાવે. અમે પ્રતીક્ષા કરીએ છીએ !

**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**
(તંત્રી વતી)
mahendra.chotalia@gmail.com

**અપેક્ષા સાથે ઊઘડે અને તૃપ્તિ સાથે બંધ થાય એ જ ઉત્તમ પુસ્તક.**

# તેજોમય ભારતના તેજપંથી બનીએ...



ભારત વિશ્વનું અતિ પુરાતન રાષ્ટ્ર.

એ ભવ્ય પણ છે અને દિવ્ય પણ...

એ જ્ઞાન અને વિજ્ઞાન તેમજ ૬૪ કલાઓના આરાધનની ભૂમિ છે. કાળક્રમે અંધાનુકરણ, 'સ્વ'નું વિસ્મરણ, રાષ્ટ્રીયતાના બોધનો અભાવ અને દિગ્ભ્રમિત અવસ્થાને કારણે ભારતની ભૂમિ પર વસતા સમાજમાં કેટલાક દોષ - કેટલીક ક્ષતિ ઉત્પન્ન થયાં હશે, પણ તેથી તેની અસ્મિતાની ચમક ઓછી થઈ જતી નથી. સમગ્ર વિશ્વના જ્ઞાની અને ગુણીજનોએ ભારતનું જગત પરનું ઋણ સ્વીકાર્યું છે.

ભારત આપણા માટે કેવળ ભૂમિ નથી, માતા છે.... માતૃભૂમિ છે. ભારત અને ભારતીયતાથી જરા પણ દૂર થવું આપણને પોસાય તેમ નથી. ભારતનો પ્રાણ અધ્યાત્મ છે. ભારતની શક્તિ એની પરિવાર-વ્યવસ્થા છે. ભારતમાં પનપેલું જ્ઞાન વૈશ્વિક છે, વિશ્વહિતાય છે. એ જ્ઞાનની ઉપેક્ષા કર્યે ચાલે એમ નથી. ઉપેક્ષા કરીશું તો ભૂલા પડેલા માનવીની જેમ ફરી ક્યારેક પાછા ફરવું પડશે. વિશ્વનાં અન્ય રાષ્ટ્રોની શ્રેષ્ઠ વાતો ભલે સ્વીકારીએ, પણ આપણી શ્રેષ્ઠતાની અવગણના તો ન જ કરીએ. એમાં જ સ્વાભિમાન અને રાષ્ટ્રાભિમાન છુપાયેલું છે. આપણા ભવ્ય વારસાને વારંવાર યાદ કરવો જરૂરી છે, તો જ ક્યારેક એ આપણા આચરણમાં પ્રતિબિંબિત થશે.

એપ્રિલ માસમાં ભારતીય મહિના ફાગણ અને ચૈત્ર આવે છે. આ મહિનામાં જ ભારતીય સંવત્સર પ્રમાણે નવું વર્ષ શરૂ થાય છે. ચૈત્ર સુદી-૧, ગુડીપડવો એટલે નવવર્ષનો પ્રથમ દિવસ (આ વર્ષે ૧૧ એપ્રિલ). ખ્રિસ્તી નવું વર્ષ ભારતના લોકો પણ ઝાકઝમાળથી ઉજવે એટલા ઉદાર છે પણ ભારતીય નવવર્ષને ભૂલી જવું એમાં અબૂધપણું છે. ભારતીયતાનું વિસ્મરણ એ ભયાનક વ્યાધિ છે... તો આ લેખમાં સર્વપ્રથમ જાણીએ નવવર્ષનો ઈતિહાસ...

ઈ.સ. પૂર્વે ૩૨૫માં (આજથી ૨૩૩૮ વર્ષ પહેલાં) ગ્રીકો (યવનો)એ ભારતવર્ષ પર આક્રમણ કર્યું. પૌરવરાજ તથા અન્ય રાજાઓએ પ્રબળ પ્રતિકાર કર્યો. છતાં પંચનદ (પંજાબ) અને સિંધનો થોડો પ્રદેશ સિકંદરે જીતી લીધો. ઈ.સ. પૂર્વે ૩૨૩ માં સિકંદર બેબિલોનમાં મૃત્યુ પામ્યો. તે સમયે ઉત્તર ભારતમાં હતોત્સાહિત થયેલી રાજ્યશક્તિને સંગઠિત કરી માત્ર બે વર્ષમાં ચંદ્રગુપ્ત મૌર્યે મગધસમ્રાટના રૂપમાં ઈ.સ. પૂર્વે ૩૨૧ માં શાસન સંભાળ્યું. ઈ.સ. પૂર્વે ૩૧૫ માં સેલ્યુકસને પરાજિત કર્યો. ઈ.સ. પૂર્વે ૨૯૮ માં ચંદ્રગુપ્ત મૌર્યનું મૃત્યુ થયું. ત્યાર બાદ પણ યવનોનાં આક્રમણો ચાલુ રહ્યાં. યવનોની રાજ્યસત્તાને જડમૂળથી ઉખેડી નાખી ભારતમાંથી એમને નામશેષ કરવાનું મહાન કાર્ય પુષ્યમિત્ર શૃંગ નામના પાટલિપુત્ર (મગધ)ના

વાચન સમાન કોઈ તપ નથી.

સેનાપતિએ કર્યું. બૃહદ્રથ મૌર્ય નામના નિર્બળ રાજાને મારી પુષ્યમિત્ર શૃંગ ઈ.સ. પૂર્વે ૧૮૪ માં મગધની રાજ્યગાદી પર બેઠો.

ગ્રીકોને નામશેષ કર્યા પછી તેનાથી પણ ભયંકર અને વ્યાપક આક્રમણો થયાં શક અને કુશાણોનાં. ઈ.સ. પૂર્વે ૫૭ ના વર્ષમાં શકરાજ 'નહપાન' સાથે ઉજ્જયિનીના માલવગણોએ ભયંકર યુદ્ધ કરીને તેને યુદ્ધમાં મારી નાખ્યો. માલવગણની વિજયની સ્મૃતિને ચિરંતન બનાવવા માલવોએ એ વર્ષથી નવી સંવત શરૂ કરી, જેનું નામ એમણે 'કૃત સંવત' (માલવ સંવત) રાખ્યું. માલવ સંવત જ આગળ ઉપર 'વિક્રમ સંવત' ના નામે પ્રચલિત બની. (૫૭ + ૨૦૧૨ = ૨૦૬૯ વિ.સં.)

ઈ.સ. ૩૯૦ માં શક અને કુશાણોને જડમૂળથી નષ્ટ કરનાર ગુપ્તવંશીય સમ્રાટ વિક્રમાદિત્યે (મૂળ નામ ચંદ્રગુપ્ત - સમુદ્રગુપ્તનો પુત્ર) રાષ્ટ્રીય પરાક્રમને ગૌરવાન્વિત કરવાના હેતુથી માલવ સંવતને જ 'વિક્રમસંવત' તરીકે ગૌરવ પ્રદાન કર્યું. લગભગ ૩૫ વર્ષ સુધી એકછત્ર બળવાન ભારતીય સામ્રાજ્યનું સંરક્ષણ અને સંવર્ધન કરતાં કરતાં ઈ.સ. ૪૧૪ માં સમ્રાટ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યનું મૃત્યુ થયું.

ઈ.સ. ૭૮ ની આસપાસ પૈઠણના રાજા શાલિવાહને પણ શકોને પાદાક્રાન્ત કરીને શાલિવાહન (શક) સંવત શરૂ કરી. અત્યારે શક સંવતનું ૧૯૩૪મું વર્ષ ચાલે છે. (૨૦૧૨-૭૮ = ૧૯૩૪) આ વર્ષ પણ ચૈત્ર સુદ-૧ થી બદલાય છે.

આ વર્ષે ૧૧ એપ્રિલે ચૈત્ર સુદી-૧ બેસતું વર્ષ છે.

શક અને કુશાણોના મૂલોચ્છેદન પછી હૂણોનાં આક્રમણો શરૂ થયાં. ચીનથી માંડી રોમ સુધીનાં રાષ્ટ્રો એમનાં આક્રમણોથી કાંપી ઉઠ્યાં હતાં. ગાંધાર પ્રદેશ પર હૂણોનાં આક્રમણોને ખાળનાર હતા કુમારગુપ્ત અને તેમનો નિર્ણાયક પરાભવ કરનાર હતા કુમારગુપ્તના પુત્ર સ્કંદગુપ્ત. માલવાના એક નાના એવા રાજા યશોધર્માએ પણ હૂણોના રાજા મિહિરગુલને સખત પરાભવ આપી ઈ.સ. ૫૨૮ માં ભારતવર્ષને હૂણોના અત્યાચારથી બચાવ્યું.

આમ ૮૫૩ વર્ષ સુધી ગ્રીક, શક, કુશાણ અને હૂણનાં સતત આક્રમણોથી ભારતની ધાર્મિક અને સાંસ્કૃતિક અસ્મિતા સુરક્ષિત રાખનાર ચાણક્ય, ચંદ્રગુપ્ત, વિક્રમાદિત્ય, શાલિવાહન, પુષ્યમિત્ર અને યશોધર્મા જેવા વીર પુરુષોનું પુણ્યસ્મરણ આપણને ભારતના શૌર્યથી રોમાંચિત કરે છે.

૨૦૦૦ વર્ષ પહેલાંના શૌર્યસભર ઈતિહાસની યાત્રા આપણે અહીં અટકાવીએ અને ખૂબ નજીકના વીર અને બલિદાની પુરુષોનું સ્મરણ કરીએ.

- ૮ એપ્રિલ ૧૮૫૭ ના દિવસે વીર મંગલ પાંડેને ફાંસી આપવામાં આવી હતી. તેમણે ૨૯ માર્ચ ૧૮૫૭ ના રોજ સ્વાતંત્ર્ય સંગ્રામની પહેલી ગોળી ચલાવી અંગ્રેજ સાર્જન્ટ હ્યુસનને વીંધી નાખ્યો હતો.

**મન જ્યારે વિકૃત બને છે ત્યારે પુસ્તક એને સુસંસ્કૃત બનાવે છે.**

- ૧૩ એપ્રિલ ૧૯૧૯ ના દિવસે જનરલ ડાયરે જલિયાનવાલા બાગમાં અંધાધૂંધ ગોળીબાર કરીને હજાર જેટલા દેશભક્તોને મારી નાખ્યા.
- ૧૪ એપ્રિલ ૧૮૯૧ ના દિવસે ડૉ. બાબાસાહેબ આંબેડકરજીનો જન્મ થયો.
- ૧૪ એપ્રિલ ૧૯૫૦ ના દિવસે રમણ મહર્ષિ સમાધિસ્થ થયા.
- ૧૮ એપ્રિલ ૧૮૫૯ ના દિવસે સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન સેનાપતિ તાત્યા ટોપેને ફાંસી આપવામાં આવી.
- ૧૯ એપ્રિલ ૧૯૧૦ ના દિવસે અનંત કન્હેરે, કૃષ્ણાજી પંત કર્વે અને વિનાયક દેશપાંડે નામના ત્રણ ક્રાંતિવીરોને ફાંસી આપવામાં આવી.

આમ, આપણને પ્રતીતિ થયા વગર નહીં રહે કે ભારતનો ઈતિહાસ સતત શૌર્ય - પરાક્રમનો ઈતિહાસ છે. પરકીયોનાં ૮૫૩ વર્ષ અને તેથીયે વધારે વર્ષો સુધી ચાલેલાં આક્રમણોથી ભારત ત્રસ્ત રહ્યું પણ પરાધીન ન થયું.

વર્તમાનમાં આક્રમણોનો પ્રકાર જરા જુદો છે... સાવધાન રહીએ ! એટલું જ કહીને વિરમું છું.

આપનો સ્નેહાધીન
**હર્ષદ પ્ર. શાહ**
કુલપતિ : બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

## જીવન ઘડતર

એક શિલ્પીને તેના પ્રશંસકે પૂછ્યું કે તમે કેવા કેવા સુંદર શિલ્પ કંડારો છો ! પાષાણના ટુકડાને અમે જોયો હોય છે તેમ તમે પણ જુઓ છો. જ્યારે તમે એને અડો છો ત્યારે એમાં ચમત્કાર સર્જાય છે.

આનું કારણ શું ?

ઉત્તરમાં શિલ્પીએ વિનમ્રભાવે કહ્યું : પાષાણમાંથી પ્રતિમા બનાવવા માટે હું કશું જ કરતો નથી, મને એ પાષાણનાં ટુકડામાં પ્રતિમા દેખાતી હોય છે અને એની આજુબાજુનો વધારાનો ભાગ હોય છે તે બધો ટાંકણાંથી દૂર કરી દઉં છું એટલે પ્રતિમા બહાર દેખાઈ આવે છે.


કેવો માર્મિક અને સચોટ ઉત્તર ! ઉત્તમ વ્યક્તિત્વ માટેનો પણ આ જ ઉત્તર છે ! ઉમદા જીવનના કોઈ સ્વામીને પૂછવામાં આવે તો તેમનો ઉત્તર પણ આવો જ હોય, 'મેં કશું વિશેષ કર્યું નથી, મારામાં જે-જે કુટેવ લાગી, મારા મૂળ સ્વરૂપને કુરૂપ કે વિકૃત બનાવે એવી જે-જે વૃત્તિ કે પ્રવૃત્તિ મારામાં હતી તે દૂર કરી એટલે મૂળ સ્વરૂપ હતું તે નિખરી આવ્યું.'

'પાઠશાળા ગ્રંથ'માંથી સાભાર...

**પુસ્તકનાં દ્વાર ખખડાવો, મનનાં દ્વાર ખૂલી જશે.**

# અજબ ચોર

— ઝવેરચંદ મેઘાણી



એક હતો ચોર. એને એવું નીમ કે એક વરસમાં એક જ વાર ચોરી કરવી, બીજી વાર નહિ.

એક દિવસ એ ચાલ્યો ચોરી કરવા. રસ્તામાં એક નદી આવી. ત્યાં એ બેઠો. એટલામાં એક વાણિયો નીકળ્યો. વાણિયાને બહુ તરસ લાગેલી. ખોબો ભરીને જ્યાં પાણી પીવા જાય ત્યાં તો ચોરને જોયો. વાણિયાના પેટમાં ફાળ પડી. પાણી પૂરું પીધા વિના એ ઊઠ્યો.

ચોર કહે, ''શેઠજી, પૂરું પાણી તો પી લ્યો.''

વાણિયો કહે, ''બસ ભાઈ, મારે વધારે નથી પીવું.''

ચોર કહે, ''શેઠ, તમે ભડકો મા. હું તમને નથી લૂંટવાનો. વિશ્વાસ રાખો, ને પાણી પી લ્યો. મારે તો મોટી ચોરી કરવાની છે.''

વાણિયે પાણી પીધું. ચોર કહે, ''શેઠ ! તમારી પાસે આ લાકડી છે, તે મને આપો. પૈસા દઉં.''

વાણિયાના મોઢા ઉપરથી લોહી ઊડી ગયું. એ બોલ્યો ''ભાઈ, મારાથી લાકડી વિના હલાય

સારાં પુસ્તકો સમાજ અને રાષ્ટ્રને બદલી શકે છે.

નહિ. લાકડીને ટેકે ટેકે તો હું હાલું છું. આંહીં વગડામાં બીજી લાકડી ક્યાંથી કાઢું?''

ચોરે લાકડી ઝૂંટવી લીધી. અને એને ચીરી ત્યાં તો માંહેથી ચાર રત્નો નીકળ્યાં.

દાંત કાઢીને ચોર કહે, ''શેઠજી, તમને મેં અભયવચન દીધેલું, તોયે તમે મારી પાસે ખોટું બોલ્યા! લો તમારાં રત્ન. મારે એ ખપે નહિ. તમે કયે ગામ જાઓ છો?''

શેઠ કહે, ''ઉજેણી નગરી.''

ચોર કહે, ''ઉજેણીના રાજા વીર વિક્રમને એટલું કહેજો કે આજ રાતે હું ચોરી કરવા આવીશ, માટે હુશિયાર રહે.''

વાણિયાએ જઈને વીર વિક્રમને ખબર દીધા.

રાજા વીર વિક્રમ તો વિચારવા લાગ્યા કે ઓહો! આવો બહાદુર ચોર કોણ હશે? આ ચોર તો સામેથી સમાચાર મોકલાવે છે!

રાજાએ હુકમ કર્યો કે આજ રાતે હું એકલો આખા નગરની ચોકી કરવાનો છું. માટે બધા સિપાઈને રાતે રજા આપવી. કોઈએ આજ રાતે જાગવાનું નથી. નગરના માણસોને પણ કહેજો કે નિરાંતે સૂઈ જાય.

રાજાજી તો દેવતાઈ પુરુષ હતા. એના વચન ઉપર બધાને વિશ્વાસ. રાત પડી. ચોકીદાર બધા પોતપોતાને ઘેર ગયા. ગામના માણસો પણ સૂઈ ગયા. નગરના ગઢના દરવાજા દેવાઈ ગયા.

રાજાજી એકલા ચોરનો વેશ લઈને નગરની અંદર ગઢની રાંગે રાંગે ફરવા લાગ્યા.ફરતાં ફરતાં એક જગ્યાએ ઊભા રહ્યા. એમને લાગ્યું કે અહીંથી ચોર ઊતરશે. ત્યાં તો બહારથી પેલો ચોર ગઢ ઉપર આવ્યો. ચોરે જોયું કે અંદર એક આદમી ઊભો છે એટલે તે પાછો ફરવા માંડ્યો. ત્યાં તો રાજાએ સિસોટી મારી. ચોર એકબીજાને જોઈને સિસોટી મારે તેવી જ આ સિસોટી!

ચોર સમજ્યો કે આ કોઈ મારો જ ભાઈબંધ લાગે છે, એટલે એ અંદર આવ્યો. વિક્રમરાજાએ કહ્યું, ''ચાલ દોસ્ત, હું આ ગામનો ભોમિયો છું. તને સારાં ઠેકાણાં બતાવું.''

બન્ને જણા ચાલ્યા. ચાલતાં-ચાલતાં એક શાહુકારનું ઘર આવ્યું. રાજાએ અંદર જવાનો રસ્તો બતાવ્યો. ચોર અંદર જાય, ત્યાં શેઠ-શેઠાણી ભર ઊંઘમાં સૂતેલાં. ચોર થોડી વાર ઊભો, ત્યાં ઊંઘમાં ને ઊંઘમાં શેઠાણી બોલ્યા, ''કોણ છે ભાઈ!''

આ સાંભળીને તરત ચોર બહાર નીકળ્યો. રાજાને કહે કે, ''ચાલો બીજે ઘેર. આંહીં ખાતર નથી પાડવું.''

રાજા કહે, ''કાં?''

ચોર બોલ્યો, ''શેઠાણીએ મને 'ભાઈ' કહ્યો. બહેનને તો કાંઈક દેવાય.'' એમ કહીને પાછો અંદર ગયો. પોતાની પાસે સોનાનો એક વેઢ હતો તે શેઠાણીની પથારીમાં મૂકી આવ્યો.

પછી બેઉ જણા બીજે ઠેકાણે પહોંચ્યા.

ચોર અંદર જાય ત્યાં શેઠાણી સૂતેલાં. ચોરનો હાથ એક મીઠાની ગૂણ ઉપર પડ્યો. એના મનમાં થયું કે આ શુકનની સાકર છે. એક ગાંગડો લઈને મોઢામાં મૂકે ત્યાં તો મીઠું. ચોર તરત બહાર નીકળ્યો.

રાજા કહે, ''કેમ થયું?''

આપણું વાંચન એ જ આપણા જીવનનું પ્રતિબિંબ છે.

ચોર બોલ્યો, ‘‘ભાઈ ! આ ઘરનું લૂણ (મીઠું) મારા પેટમાં પડ્યું. મારાથી લૂણહરામ થવાય નહિ. ચાલો બીજે ઘેર !’’

રાજાને થયું કે, ‘‘આ તે ચોર કે સંત?’’

ત્રીજે ઘેર ગયા, રાજાએ રસ્તો દેખાડ્યો. ચોર અંદર જઈને અંધારામાં હાથ ફેરવે ત્યાં એક જુવારના કોથળામાં એનો હાથ પડ્યો. ચોર તરત બહાર નીકળ્યો ને રાજાને કહ્યું કે, ‘‘ભાઈ ! શુકન તો બહુ સારાં થયાં. જાર હાથમાં આવી. પણ જે ઘરમાં શુકન થયાં તે ઘરને કાંઈ લૂંટાય ? એ શુકન તો હવે ફળવાનાં. ચાલો બીજે ઘેર.’’

રાજા કહે, ‘‘ચાલ, ત્યારે રાજમહેલ ફાડીએ.’’

બેઉ જણા ચાલ્યા રાજમહેલમાં. રાજમહેલની અંદર દાખલ થયા ત્યાં એક પણ ચોકીદાર ન જોયો.

ચોર પૂછે છે, ‘‘ભાઈ ! આ તે શું ? ગામમાં કોઈ ચોકીદાર જ નહિ ! દરબારગઢમાંયે કોઈ માણસ નહિ. રાજા વીર વિક્રમનો બંદોબસ્ત તો બહુ વખણાય છે ને !’’

રાજા કહે, ‘‘અરે ભાઈ ! એ તો બહાર મોટી મોટી વાતો સંભળાતી હશે. અહીં તો આવું જ અંધેર ચાલે છે. રાજા કશું ધ્યાન નથી દેતા.’’

મહેલમાં રાણીજી હિંડોળાખાટ ઉપર સૂતેલાં. રાજા ચોરને કહે કે, ‘‘આ ખાટના પાયા સોનાના છે. પાયા લઈ લઈએ એટલે છોકરાનાં છોકરાં બેઠાં બેઠાં ખાય.’’

‘‘પણ ખાટ શી રીતે કાઢવી ? રાણીજી જાગી જાય તો ?’’

પછી ચોર એ ખાટ હેઠળ ઉપરાઉપરી ગાદલાં ખડકવા માંડ્યો. ખાટને અડે એટલો મોટો ખડકલો કર્યો. પછી છરી લઈને ચારે તરફથી ખાટની પાટી કાપી નાખી. એટલે રાણીજીનું શરીર, નીચે ગાદલાં હતાં તેના ઉપર રહી ગયું.

પછી ચોરે દાંત ભરાવીને ખાટને આંકડિયામાંથી ખેંચી લીધી. પછી એને વીંખીને ચાર પાયા જુદા કાઢ્યા. ચારે પાયા લઈને બન્ને જણાં પાછા ગઢની રાંગે પહોંચ્યા.

પેલો ચોર કહે, ‘‘લે ભાઈ ! આ બે પાયા તારા ને બે મારા. સરખો ભાગ.’’

રાજા કહે, ‘‘હું એક જ પાયો લઈશ. મહેનત તો તારી છે.’’

ચોર કહે, ‘‘ના, તેં જ મને ઠેકાણું બતાવ્યું, તારી મહેનત પણ ઘણી છે.’’

ત્યાં તો ઝાડ ઉપરથી એક ચીબરી બોલી.

તુરત ચોરે રાજાને કહ્યું, ‘‘ઓળખ્યા તમને. શાબાશ છે, રાજા ! માથે રહીને ચોરી કરાવી કે ?’’

રાજા હસી પડ્યા અને પૂછ્યું, ‘‘તેં શી રીતે જાણ્યું કે હું રાજા છું ?’’

ચોરે કહ્યું, ‘‘રાજાજી ! હું પંખીની બોલી પણ સમજું છું. આ જે ચીબરી બોલી એનો અર્થ એમ થાય છે કે આ ચોરીના માલનો માલિક તો અહીં જ ઊભો છે !’’

રાજાએ શાબાશી આપી. ચોરને પોતાના મહેલે લઈ ગયા. બીજે દિવસે મોટી કચેરી ભરીને ચોરને ઈનામ દીધું. એની નીતિનાં વખાણ કર્યાં. એને રાજમાં મોટી નોકરી દીધી.

**પુસ્તક દારિદ્રય દૂર કરનારું ઔષધ છે.**

# કાચો ઘડો કાચું સૂતર

— અમૃતલાલ વેગડ



એક હતો રાજા અને એક હતી રાણી. બંને ખૂબ સુખી હતાં અને એમની પ્રજા પણ સુખી હતી. પ્રજા એટલા માટે સુખી હતી કે એના પર કરવેરાનો ભાર નહોતો. રાણી ખૂબ જ સાદી રીતે રહેતી. જાતે રસોઈ કરતી. જાતે કપડાં ધોતી. એટલે સુધી કે કૂવે જઈને પાણી પણ ભરી લાવતી.

પરંતુ નવાઈની વાત એ હતી કે રાણીનો ઘડો કાચી માટીનો હતો. રસ્સી કાચા સૂતરની હતી. એથીયે વધુ નવાઈની વાત એ હતી કે પાણી ભરતી વેળા ન તો કદી એની રસ્સી તૂટી કે ન ઘડો તૂટ્યો.

એક વાર એવું થયું કે બીજા કોઈક દેશની રાણી આંખો અંજાઈ જાય એવાં કપડાં અને ઘરેણાં પહેરીને ઠાઠમાઠથી પોતાની પાલખીમાં ક્યાંક જઈ રહી હતી. કૂવા પાસે એણે પાલખી રોકાવી અને બહાર આવી. એણે જોયું કે એક સ્ત્રી કાચા ઘડેથી પાણી ભરી રહી છે. એણે પાસે ઊભેલી સ્ત્રીઓને આશ્ચર્યથી પૂછ્યું, 'આ કોણ?'

સ્ત્રીઓએ ગર્વથી કહ્યું : 'આ અમારાં રાણી છે.'

આ સાંભળીને ઘરેણાંવાળી રાણીએ મોં કટાણું કરીને કહ્યું, 'આવી તે કાંઈ રાણી હોય? એની પાસે નથી મોંઘાં ઘરેણાં કે નથી કિંમતી કપડાં ! આ તો રાણી કરતાં રાણીની દાસી જેવી વધુ લાગે છે !'

રાણીને ઓછું આવ્યું. એ ઉદાસ થઈ ગઈ ને ઘરે આવીને મોં ઢાંકીને સૂઈ ગઈ. જ્યારે રાજા

પુસ્તકાલય જ્ઞાનની પરબ છે.

આવ્યા ત્યારે રાણીને આમ સૂતી જોઈને પૂછવા લાગ્યા, 'તને શું થયું છે?'

રાણીએ કહ્યું, 'માથું દુઃખે છે.'

રાજાએ કહ્યું, 'ભીની માટીનો લેપ કરો. ઠીક થઈ જશે.'

રાણીએ કહ્યું, 'આ દુઃખાવો એનાથી દૂર નહીં થાય.'

રાજાએ પૂછ્યું, 'ત્યારે શાનાથી દૂર થશે?'

રાણીએ કહ્યું, 'જ્યારે મારી પાસે મોંઘાં ઘરેણાં ને કિંમતી વસ્ત્રોનો ઢગ ખડકાશે ત્યારે મારા માથાનો દુઃખાવો દૂર થશે.'

રાજા બહુ દુઃખી થયો. રાણીને ખૂબ સમજાવી પણ એ એકની બે ન થઈ. રાજા વિમાસણમાં પડી ગયો. બીજે દિવસે રાજાનો ઉદાસ ચહેરો જોઈને મંત્રીએ પૂછ્યું, 'મહારાજ ! આપ ઉદાસ કેમ છો?'

રાજાએ કહ્યું, 'રાણી કિંમતી વસ્ત્રાભૂષણો માટે હઠ કરીને બેઠી છે. આ બધી ચીજો આવશે ક્યાંથી?'

મંત્રીએ કહ્યું, 'મહારાજ, આપ ચિંતા શા માટે કરો છો? પ્રજા પર કર નાખો.'

રાજાએ કહ્યું, 'શાના પર કર નાખું?'

મંત્રીએ કહ્યું, 'કરવેરા નાખવા માટે વિચારવાનું થોડું જ હોય? ગમે તેના પર કર નાખો. એમ કરો, શ્વાસ લેવા પર જ કર નાખો ! પ્રજાને કહો કે દિવસમાં એ જેટલા શ્વાસ લે, સાંજે ખજાનામાં એટલી રકમ જમા કરાવે. થોડા દિવસમાં જ રાણીનાં કિંમતી ઘરેણાં અને કપડાં બની જશે.'

રાજાનું મન તો નહોતું માનતું છતાં એને આમ કરવું પડ્યું. આખા રાજ્યમાં હાહાકાર થઈ ગયો. લોકો શ્વાસ લેવામાં કરકસર કરવા લાગ્યા. ખજાનામાં અઢળક ધન એકઠું થવા લાગ્યું. રાણી પાસે કિંમતી વસ્ત્રોના ઢગ ખડકાયા અને હીરામોતી જડેલાં ઘરેણાંના અંબાર થવા લાગ્યા. રાણીનો માથાનો દુઃખાવો દૂર થઈ ગયો.

એક દિવસ રાણી ખૂબ બની ઠનીને ઘરેણાંથી મઢાઈને કૂવે આવી. એને જોઈને બધી સ્ત્રીઓ ડરીને દૂર હટી ગઈ. મલપતી રાણીએ જેવો કાચા સૂતરથી બાંધેલો ઘડો કૂવામાં નાખ્યો કે તરત જ સૂતર તૂટી ગયું અને ઘડો પાણીમાં ઓગળી ગયો. આ જોઈને બધી સ્ત્રીઓ હસવા લાગી. રાણીની આંખોમાં આંસુ આવ્યાં. એ ખાલી હાથે ઘરે આવી. ઉદાસ સ્વરે રાજાને કહેવા લાગી. 'આજે બહુ નવાઈની વાત થઈ. પાણી ભરતી વેળા સૂતર તૂટી ગયું અને ઘડો ઓગળી ગયો.'

પણ રાજાને જરાયે નવાઈ ન થઈ. એણે કહ્યું, 'રાણી, નવાઈની વાત તો તે દિવસે થઈ હતી જ્યારે તમે ઘરેણાં ને કપડાં માટે હઠ કરી હતી. નવાઈની વાત તે દિવસે થઈ હતી જ્યારે મેં પ્રજા પર કર નાખ્યો હતો. હવે તો રાજ્યમાં એવું જ થવાનું જેવું નહોતું કદી જોયું કે નહોતું કદી સાંભળ્યું !'

રાણી વાત સમજી ગઈ. એણે પેલાં કિંમતી ઘરેણાં અને કપડાં ઊતારી દીધાં અને કહ્યું, 'આને રાજ્યના ખજાનામાં જમા કરાવી દો. પ્રજા પર નાખેલો કર હટાવી લો. મને નથી જોઈતાં આવાં ઘરેણાં ને આવાં વસ્ત્રો.'

બીજે દિવસે રાણી સાદાં કપડાં પહેરીને કૂવે પાણી ભરવા ગઈ, કાચું સૂતર ને કાચો ઘડો લઈને ! એણે સૂતરે બાંધીને ઘડો કૂવામાં નાખ્યો અને પાણી ખેંચવું શરૂ કર્યું. આ વેળા ન તો સૂતર તૂટ્યું કે ન તો ઘડો ઓગળ્યો !

**દરેક પુસ્તક ચમત્કાર છે અને દરેક લેખક જાદુગર.**

# જંગલમાં સાક્ષરતા અભિયાન

– કપિલ સતાણી



મંગલપુર નામનું એક સુંદર અને ભવ્ય જંગલ હતું. જંગલમાં મંગલ નામનો સિંહ રાજા હતો. આથી મંગલપુરનાં પ્રાણીઓ તેને મંગલસિંહ કહીને બોલાવતાં હતાં. જંગલમાં મંગલસિંહનુ આદરણીય સ્થાન હતું. મંગલસિંહના કહેવાથી બધાં પ્રાણીઓ ખૂબ જ સંપથી રહેતાં અને જરૂર પડ્યે બધાં એક થઈ મુસીબતોનો સામનો કરતાં. મંગલસિંહનું નેતૃત્વ મંગલપુર માટે ખૂબ જ અસરકારક હતું. મંગલસિંહે મંગલપુરમાં રસ્તા, પાણીની પરબ, વૃદ્ધ પ્રાણીઓ માટે વિસામો, વાંચવા માટે ગ્રંથાલય બધું જ બનાવ્યું હતું. મંગલપુરનાં પ્રાણીઓ મંગલસિંહના કામથી અને નેતૃત્વથી ખુશ હતા.

એક દિવસ મંગલસિંહ જંગલની મુલાકાતે નીકળ્યા. મંગલસિંહે ગ્રંથાલયની મુલાકાત લીધી. જોયું તો ત્રણ-ચાર પ્રાણીઓ જ ગ્રંથાલયમાં વર્તમાનપત્રો, સામયિકો વાંચતાં હતાં. આથી મંગલસિંહે ગ્રંથપાલ જિરાફભાઈને પૂછ્યું કે ‘આમ કેમ ?’ ત્યારે જિરાફભાઈએ કહ્યું કે ‘જંગલમાં ત્રણ-ચાર પ્રાણીઓ સિવાય બીજા કોઈને પણ વાંચતાં-લખતાં આવડતું નથી.’ જિરાફભાઈની આ વાત સાંભળી મંગલસિંહ રાજા હચમચી ગયા અને પ્રાણીઓની સભા બોલાવવાનું નક્કી કર્યું. મંગલપુરમાં ઢંઢેરો પીટાવી સભાસ્થળ અને સમયની જાહેરાત કરવામાં આવી. જંગલનાં પ્રાણીઓ વિચારવા લાગ્યા કે કંઈક નવું કરવાનું હશે એટલે જ મંગલસિંહે સભા બોલાવી હશે !

**કોઈ ઉત્તમ પુસ્તકના વાચનથી નૂતન યુગનો આરંભ થતો હોય છે.**

મંગલપુરના સભાખંડમાં બધાં જ પ્રાણીઓ સમયસર આવી પહોંચ્યાં. મંગલસિંહની સાથે સેનાપતિ વાઘભાઈ પણ સભાસ્થળે પહોંચી ગયા. મંગલસિંહે બધાં જ પ્રાણીઓ સમક્ષ ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે ‘મંગલપુરમાં શિક્ષણનો અભાવ છે એ જાણીને મને ખૂબ જ દુ:ખ થયું. મંગલપુર સતત વિકાસના પંથે છે, પણ શિક્ષણનો અભાવ હોય તે કેમ ચાલે ? ત્રણ-ચાર પ્રાણીઓ સિવાય કોઈને વાંચતાં-લખતાં આવડતું નથી. આવી નિરક્ષરતા ચલાવી લેવામાં નહીં આવે અને જેને વાંચતાં-લખતાં ન શીખવું હોય તે મંગલપુર છોડીને ચાલ્યા જાય.’

મંગલસિંહના કડક પ્રવચન પછી સાક્ષરતા અભિયાન ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું. રાત્રિશાળા બે મહિના ચલાવવી એવું સભામાં ઠરાવવામાં આવ્યું. હરણ અને શિયાળે પ્રાણીઓને ભણાવવાની જવાબદારી સ્વેચ્છાએ સ્વીકારી. હાથીભાઈને અભણ પ્રાણીઓને રાત્રિશાળામાં લાવવાની જવાબદારી સોંપવામાં આવી. સેનાપતિ વાઘભાઈ દેખરેખ રાખી રાજા મંગલસિંહને રોજેરોજનો અહેવાલ આપે એવું નક્કી થયું. આમ મંગલપુરમાં ‘સાક્ષરતા અભિયાન’નો જબરદસ્ત માહોલ સાથે પ્રારંભ થયો.

હાથીભાઈ દરરોજ થાળી વગાડતાં વગાડતાં અભણ પ્રાણીઓને રાત્રિશાળામાં લઈ આવતા હતા. હરણભાઈ અને શિયાળભાઈએ બે મહિના સુધી ‘સાક્ષરતા અભિયાન’ ચલાવી અભણ પ્રાણીઓને ભણાવીને વાંચતાં-લખતાં શીખવાડી દીધું.

બે મહિના પછી મંગલસિંહે ગ્રંથાલયની મુલાકાત લીધી. તો આખું ગ્રંથાલય પ્રાણીઓથી ભરેલું હતું. કોઈ વર્તમાનપત્ર તો કોઈ સામયિક વાંચતાં જોવા મળ્યાં. આ ચિત્ર જોઈ મંગલસિંહ ખુશ થયા. મંગલસિંહે અને જંગલનાં બધાં પ્રાણીઓએ હરણભાઈ, શિયાળભાઈ અને હાથીભાઈનું સન્માન કર્યું. આમ આખું મંગલપુર સાક્ષર થયું અને મંગલપુરમાં ઉત્સવ જેવો માહોલ છવાઈ ગયો.

## ૫૯ મો બાલવાડી શિબિર

‘વેડછીનો વડલો’ તરીકે જાણીતા શ્રી જુગતરામ દવેએ ૫૮ વર્ષ પહેલાં જેની શરૂઆત કરી હતી એવા આ બાલવાડી શિબિરમાં વિવિધ તજ્જ્ઞો દ્વારા બાળશિક્ષણના પંદર જેટલાં પાસાઓને ઉજાગર કરવામાં આવે છે. આ શિબિરમાં કોઈપણ કક્ષાનાં શિક્ષક ભાઈ-બહેનો, વાલી, માતા, જિજ્ઞાસુ, બાલમંદિર કે આંગણવાડીના વર્કર, હેલ્પર, સુપરવાઈઝર અથવા CDPO બનવા ઉત્સુક વ્યક્તિઓ જોડાઈ શકશે.

**: તારીખ :**
૧૪-૦૫-૨૦૧૩ થી ૨૬-૦૫-૨૦૧૩

**શિબિર શુલ્ક :** ૫૫૦/-

**: સ્થળ :**
ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર,
દેથલી, તા. માતર, જિ. ખેડા.

**: સંપર્ક સૂત્રો :**
**પ્રવેશપત્ર માટે** શ્રી જેસીંગભાઈ મો. ૯૮૨૫૬૩૮૨૨૨
**શિબિર સંચાલક :** નટુભાઈ મો. ૯૪૨૯૧૬૨૦૮૯
**શિબિર સંચાલિકા :** શ્રીમતી રશ્મિ દેસાઈ, નવસારી ફોન : (૦૨૬૩૭) ૨૫૧૧૭૬ મો. ૯૨૨૮૨૦૭૦૦૩
e-mail : karunadesai<jinglesinger@gmail.com>

**વ્યક્તિની વિચારશૂન્યતા અને અવિવેકને દૂર કરવાની ક્ષમતા પુસ્તકોમાં છે.**

# પુસ્તક હાથમાં, જગત સાથમાં

– મમતા શર્મા



બાળમિત્રો, કલ્પના કરો કે તમે એક વાર્તા વાંચી રહ્યા છો. વાર્તાની શરૂઆત થાય છે, મોટા ભાગની વાર્તાઓમાં પહેલું વાક્ય જે હોય છે એવા જ એક વાક્યથી ! 'એક જંગલ હતું'... વાંચતાં જ તમારી કલ્પનામાં એક જંગલ ઊભું થયું. પછી તમે બીજું વાક્ય વાંચો છો... 'જંગલમાં એક મહેલ હતો, તેમાં ભયાનક રાક્ષસ રહેતો હતો.' પહેલા વાક્યમાં જે ખાલી જંગલની જ તમે કલ્પના કરી હતી એ જ જંગલમાં બીજા વાક્યમાં મહેલ અને રાક્ષસ ખડા થયા ! હવે ત્રીજું વાક્ય... 'એ રાક્ષસના માથા પર મોટાં-મોટાં શિંગડાં હતાં. શિંગડાં દાંતરડા આકારનાં હતાં.' આ ત્રીજા વાક્યમાં તમે રાક્ષસના જાત જાતના આકારનાં શિંગડાંની કલ્પના કરતાં હશો ત્યાં જ દાંતરડા આકારનાં શિંગડાં પ્રગટ થયાં !

તમે આગળ વાંચો છો... 'મહેલમાં એક ઝરૂખો હતો.' અત્યાર સુધી તમે કલ્પેલા મહેલમાં ઝરૂખો નહોતો પરંતુ હવે ઝરૂખો મહેલ સાથે જોડાઈ ગયો... 'એ ઝરૂખામાં એક સુંદર રાજકુમારી ઊભી હતી.' તમે સુંદર રાજકુમારીની કલ્પના કરી ?... પછીનું વાક્ય છે : 'એ રાજકુમારીના વાળ સોનેરી હતા !'... અરે આ શું ? તમે કલ્પેલી રાજકુમારી તો કાળા વાળવાળી હતી ! અને એની જગ્યાએ હવે સોનેરી વાળ ધરાવતી રાજકુમારી ગોઠવાઈ ગઈ ! તમારું વાચન અને તમારી કલ્પના બેય કેવાં સમાંતર ચાલે છે !

બાળમિત્રો, તમને રસ પડી રહ્યો છે ને આ વાર્તામાં ! આવી જ કોઈ વાર્તા તમે ટેલિવિઝનમાં જુઓ છો ત્યારે એમાં રજૂ થતાં પાત્રો અને દૃશ્યો જેવાં તમારી સમક્ષ રજૂ થાય એવાં જ સ્વીકારી લેવાં પડે છે જ્યારે આપણે વાર્તાનું વાચન કરતાં હોઈએ છીએ ત્યારે આપણી પોતાની કલ્પનાને મોકળાશ મળે છે. વિશ્વને સાપેક્ષવાદ આપનાર તથા વિશ્વના ગણિત-વિજ્ઞાનના ક્ષેત્રમાં જિનિયસ બ્રેઈન ગણાતા આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું હતું, 'જો તમે તમારાં બાળકોને બુદ્ધિશાળી બનાવવા માગતા હો તો એમને પરીકથાઓ વાંચીને સંભળાવો. જો તમે એ વધુ બુદ્ધિશાળી બને એવું ઝંખતા હો તો એમને વધુ પરીકથાઓ વાંચીને સંભળાવો.'

તમે પરીકથાઓથી વાચનની શરૂઆત કરશો પછી તો વાચન એક ટેવ તરીકે વિકસવા માંડશે. તમે વાંચ્યા વિના રહી જ નહીં શકો. અને જો તમે વાચનરસને માણી શક્યા હશો, તેના આનંદરસથી તરબોળ બન્યા હશો, તો તમે જીવનભર એનો સાથ છોડશો નહીં. એ સાથ વધતો જ જશે. તમે ઉજાગરા કરીને પણ પુસ્તક વાંચશો અને આજીવન વિદ્યાર્થી બની રહેશો.

વાચન દ્વારા તમે તમારી જગ્યાથી એક ઈંચ પણ ખસ્યા વિના સમગ્ર બ્રહ્માંડની સફર કરી શકો છો.

---

**પુસ્તકના શબ્દસેતુ દ્વારા અક્ષરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.**

કોઈપણ યુગમાં પહોંચી શકો છો. કારણ કે પુસ્તકોને સ્થળ અને કાળની ભીંતો નડતી નથી. લાખો વર્ષ પહેલાં લખાયેલું રામાયણ આજે પણ વાચકને રામરાજ્યમાં લઈ જાય છે. બે-ત્રણ હજાર વર્ષ પહેલાંના સૉક્રેટિસ કે પ્લેટો; બુદ્ધ કે ઈશુ; કાલિદાસ, ભાસ કે ભવભૂતિ અથવા ૭૦-૮૦ વર્ષ પહેલાંના ગાંધી કે ટાગોરના સર્જન-ચિંતનને આજે પણ આપણે તેમનાં પુસ્તકો દ્વારા માણી શકીએ છીએ.

કવિ કાલિદાસ રચિત 'અભિજ્ઞાન શાકુંતલમ્' જર્મન કવિ ગેટેએ વાંચ્યું ત્યારે તે એને માથે મૂકીને નાચ્યા હતા. જો રસપૂર્વક વાંચીએ તો આપણી સાથે પણ આ જ ઘટના ઘટી શકે. ઉમર ખય્યામે તો એટલા સુધી કહ્યું છે કે 'મને રોટલાનો ટુકડો અને જરૂરી પુસ્તકો મળતાં રહે તો એક વૃક્ષ નીચે આખો જન્મારો કાઢી નાખું.' જો સારાં પુસ્તકોને મિત્રો બનાવીએ તો એ જરૂર સાચા મિત્રો બની શકે. મિત્રનો એક સમાનાર્થી શબ્દ 'દોસ્તાર' પણ છે. દોસ્તાર એટલે 'જે દોષમાંથી તારે તે.' અંગ્રેજીમાં એક કહેવત છે. 'A friend in need is a friend indeed.' આ વાક્યમાં ભલે સજીવ મિત્રોની વાત હોય પણ પુસ્તકોમાં જીવનવ્યવહારનું જ્ઞાન તથા ડહાપણ સચવાઈને પડ્યું છે તે સાચા મિત્રની ગરજ સારશે. ગાંધીજીને જ્યારે જ્યારે જીવનમાં માર્ગદર્શનની જરૂર પડતી ત્યારે તેઓ શ્રીમદ્ ભગવદ્ ગીતાના વાચન દ્વારા મેળવતા. સારાં પુસ્તકો તટસ્થ હોય છે, આથી એ ક્યારેય ગેરમાર્ગે દોરશે નહીં. જો તમે વાંચશો તો તમારા અન્ય મિત્રોને પણ વાચનનો રંગ લાગશે, અને જો આવું થશે તો મોબાઈલ, વીડિયો ગેઈમ કે ટી.વી. વિના પણ તમે ખુશ રહી શકશો.

વાચનને એક શોખ તરીકે વિકસાવવા માટે નીચેની વાતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- **હંમેશાં પુસ્તક સાથે રાખો :** હવે વેકેશન પડશે. વેકેશનમાં ગમે ત્યાં જાઓ પણ એકાદું સારું પુસ્તક સાથે રાખો. નવરાશના સમયમાં વાચન કરો. કંટાળો તમારી આસપાસ પણ નહીં ફરકી શકે.
- **વાચનનું આયોજન કરો :** અભ્યાસક્રમ અને ગૃહકાર્યની સાથે સાથે ઈતર વાચનને તમારી દિનચર્યામાં અચૂક સ્થાન આપો. હાલમાં શું વાંચો છો ? આ પ્રશ્નનો જવાબ આપણી પાસે બારેમાસ હોવો જોઈએ. દિવસની ઓછામાં ઓછી ૩૦ મિનિટ, ૪૫ મિનિટ કે ૧ કલાક તો વાચન માટે અવશ્ય ફાળવો. પુસ્તકાલયના સભ્ય બનો, નિયમિતપણે પુસ્તકાલયની મુલાકાત લેતા રહો.
- **જે વાંચ્યું તેની નોંધ કરો :** તમારા વાચનની એક ડાયરી બનાવો. વાંચીને અગત્યની બાબતોની તમારી નોંધપોથીમાં નોંધ કરો. એના પર ચિંતન-મનન કરો. કેવળ વાર્તારસ માટે જ નહીં, પરંતુ તમે જો આ વાર્તા લખો તો એમાં શું નવું ઉમેરો, શું કાઢી નાખો વગેરે બાબતોનો પણ વિચાર કરો.

બાળમિત્રો, તમે પુસ્તકવાચનને એક ટેવ તરીકે વિકસાવશો તો તમારી કલ્પનાશક્તિ અને સર્જનશક્તિ કેળવાશે. તો શોધી લો તમારાં અવનવાં, રંગબેરંગી, અજાયબી અને વિસ્મયથી ભરપૂર મિત્રો - પુસ્તક મિત્રો ! અને હા, આ વેકેશનમાં જે પુસ્તક તમને સૌથી વધુ ગમે એના વિશે લખીને અમારા સરનામે મોકલો. 'બાળ વિશ્વવિદ્યાલય'ની વેબસાઈટ પર દર મહિનાની ૧૨મી અને ૨૭મી તારીખે ચાર-ચાર સરસ વાર્તાઓ સુંદર ચિત્રો સાથે મૂકવામાં આવે છે એનો પણ લાભ લો. ૨૩ એપ્રિલ **'વિશ્વ પુસ્તક દિવસ'** છે. એ નિમિત્તે આપણે આપણી ભીતર પહેલેથી જ રહેલા વાચનરસને જાગૃત કરીએ.

આવજો મિત્રો, મારી સાથે પુસ્તકોની દુનિયાની સફર ખેડવા માટે આપ સૌનો હાર્દિક આભાર અને શુભ કામનાઓ.

---

**પુસ્તકનું હોવું એ સ્થિતિ છે, તેનો ઉપયોગ એ ગતિ છે.**

# મહાન ભારતીય – ડૉ. આંબેડકર

– પ્રકાશ પરમાર

ભારતના ઈતિહાસમાં જ નહિ, વિશ્વના ઈતિહાસમાં પણ આ વાત સાચી ઠરે છે કે મનુષ્ય પોતાના ગુણો વડે મૂલવાય છે કુળથી નહીં. એકલવ્ય અને કર્ણ જેવા પ્રતિભાવાનોએ પણ રૂઢિગત પરંપરાને કારણે અપમાન વેઠ્યાં છે. છતાં પણ પૌરાણિક કાળથી આજ સુધી સાબિત થતું આવ્યું છે કે પ્રતિભા કોઈ જાતિવિશેષનો ઈજારો નથી. દ્વાપરયુગમાં રામાયણના રચયિતા વાલ્મિકી વનવાસી ભીલ-લૂંટારા હતા. ત્રેતાયુગમાં મહાભારતની રચના કરનાર વેદવ્યાસ મત્સ્યગંધાના પુત્ર હતા. આઝાદ ભારતનું સંવિધાન લખવાનું કાર્ય ડૉ. બાબાસાહેબ આંબેડકરે કર્યું જે કહેવાતી અછૂત જાતિમાં જન્મ્યા હતા.

ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ, ૧૮૯૧ માં થયો હતો. એમનું બાળપણ ખૂબ સંઘર્ષમાં વીત્યું હતું. પિતા રામજી લશ્કરમાં હતા. માતા ભીમાબાઈ અભણ છતાં આદર્શ ગૃહિણી હતાં. પિતાજી શિક્ષણનું મહત્ત્વ સમજતા હોવાથી ભીમરાવને ભણાવવાનો સંકલ્પ કર્યો. પણ અસ્પૃશ્યતાની માનસિકતાવાળા સમાજમાં મહારના દીકરાને અવહેલના અને તિરસ્કાર તો ગળથૂથીમાં જ મળેલાં. આ બધું સહીને પણ ભણતરના લક્ષ્ય તરફ એ સતત વધતા જ રહ્યા.



અન્ય વિદ્યાર્થીઓના તિરસ્કાર તથા અપમાનજનક વર્તને એમના મનમાં એવા વિદ્વાન બનવાનો સંકલ્પ જગાડ્યો કે જેથી બીજા લોકો એ માનવા મજબૂર થાય કે એ પણ અન્ય લોકો જેવા મનુષ્ય જ છે. એમને સમાનતાનો સંપૂર્ણ અધિકાર છે અને પોતે એ લઈને જ જંપશે. આ સંકલ્પ અને કઠોર સાધનાના પરિણામે તેઓ કહેવાતા સવર્ણ વિદ્યાર્થીઓ કરતાં હંમેશાં આગળ રહેતા. આ રીતે એ પોતાની શૈક્ષણિક યોગ્યતાઓ અને જ્ઞાનમાં વધારો કરતા રહ્યા.

અલબત્ત, ભણવામાં તેજસ્વી ભીમરાવને મુશ્કેલી અને અછતની વચ્ચે પણ મદદ મળતી રહી. જ્ઞાનપ્રાપ્તિની આકંઠ ઝંખનાએ ભીમરાવને વિદ્યાવ્યાસંગી બનાવ્યા. ઈંગ્લૅન્ડમાં વધુ અભ્યાસ માટે ગયેલા બાબાસાહેબ દિવસના અઢાર-અઢાર કલાક સુધી વાંચતા. કહો કે વાચનાલય જ એમનું ઘર બની ગયું હતું. આ વાચને જ એમની સમજણની બારીઓ ઉઘાડી આપી. એમનો પુસ્તકપ્રેમ અનન્ય હતો. ઈંગ્લૅન્ડથી પાછા ફરતાં સ્ટીમરમાં ટ્રંકો ભરીને એ પુસ્તકો લાવેલાં.

દલિતો - શોષિતો પ્રત્યે એમને વિશેષ ભાવ હોય એ સ્વાભાવિક છે. એ વખતે સ્ત્રીઓની સ્થિતિ પણ શોષિતો જેવી જ હતી. બંધારણ દ્વારા સ્ત્રીઓને સમાન હક્ક આપી બાબાસાહેબે યુગોથી થતા અન્યાયને અટકાવવાનું યજ્ઞકાર્ય કર્યું છે. વિશ્વના દેશોના બંધારણનો અભ્યાસ કરી, એનું શ્રેષ્ઠ સંયોજન કરી એમણે આપણા દેશનું બંધારણ ઘડ્યું. આજે વિશ્વનાં શ્રેષ્ઠ બંધારણોમાં આપણા દેશના બંધારણની ગણના થાય છે.

વળી, મોહંમદઅલી જિન્નાહની જેમ બાબાસાહેબ પણ જક્કી અને અનુદાર હોત તો આજે આપણો દેશ છે એના કરતાં નાનો હોત. આ સંદર્ભે પણ આપણે સૌ ભારતવાસીઓએ એમનો હૃદયપૂર્વક આદર કરવો જોઈએ. કમનસીબે આજે મહાપુરુષોને પણ આપણે જાતિગત માળખામાં બાંધી રહ્યા છીએ ત્યારે એટલું જરૂર સમજીએ કે ડૉ. બાબાસાહેબ માત્ર દલિતોના નહીં; સમગ્ર ભારતવર્ષના હતા, છે અને રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીએ એમને સ્મરણાંજલિ આપતાં નીચેની પંક્તિઓ વાગોળીએ :

**ઊગે કમળ પંકમાં તદપિ દેવ શિરે ચડે,**
**નહીં કુળથી કિન્તુ મૂલ મૂલવાય ગુણો વડે.**

વાચન પ્રસન્નતાનું ઘોડાપૂર છે.

# મહાન આત્માને જન્મ આપનારી માતાના ભાવો

– ડૉ. કુમારપાળ દેસાઈ

ભગવાન મહાવીરના પિતાનું નામ સિદ્ધાર્થ હતું અને માતાનું નામ ત્રિશલાદેવી હતું. ત્રિશલાદેવીને ચૌદ સ્વપ્નો આવે છે અને સ્વપ્નપાઠકો એ સ્વપ્નનાં ફળ દર્શાવતાં રાજા સિદ્ધાર્થને કહે છે કે તમારે ત્યાં એક મહાન પુત્રનો જન્મ થશે. રાજા સિદ્ધાર્થ રાણી ત્રિશલા પાસે જઈને એમને સ્વપ્નપાઠકોએ વર્ણવેલું સ્વપ્નકથન કહે છે. આવી ઉલ્લાસપૂર્ણ વાતનું પુનરાવર્તન પણ પરમ વિશેષ આનંદજનિત બને છે. રાણી ત્રિશલાદેવીએ સ્વપ્નપાઠકોનાં ભવિષ્યકથન સાંભળ્યાં.

ગર્ભવતી રાણી ત્રિશલા પોતાના પ્રત્યેક કાર્યમાં સાવધાની રાખે છે. જીભના સ્વાદમાં અને જીવનના શીલમાં ગર્ભવતી માતા અને સંયમધારી મુનિ સમાન ગણાય. એ રીતે આહાર, વિહાર, નિદ્રા અને અન્ય શારીરિક ક્રિયાઓમાં સંભાળ રાખીને આનંદદાયી સ્થળોમાં સમય વ્યતીત કરે છે.

ત્રિશલાની કૂખમાં સાડા છ મહિનાનો ગર્ભકાળ થયો હતો, ત્યારે વર્ધમાન વિચારે છે કે મારાં વિકસતાં અંગોપાંગ અને મારું હલનચલન માતાને કેટલી બધી પીડા આપે છે ! મારું આગમન જગતમાત્રના જીવોને સહેજ પણ દુઃખ આપે તો કેવું ગણાય ? મારે તો સર્વ જીવનું શ્રેય સાધવાનું છે. એમાંય આવાં અત્યંત ઉપકારી માતાને મારાં હલનચલનથી પીડા થતી હોય, તે મારા માટે સહેજે યોગ્ય ન ગણાય.

આમ વિચારી ત્રિશલા માતાના ઉદરમાં રહેલો ગર્ભ શાંત થયો. ત્રિશલાના તનની અકળામણ ઓછી થઈ, કિંતુ મનની અકળામણ એકાએક વધી ગઈ. ત્રિશલાને શંકા જાગી કે શું કોઈ દેવે મારો ગર્ભ હરી લીધો કે પછી મારો ગર્ભ ગળી ગયો ?

આમ, જુદી જુદી શંકાઓ કરતાં ત્રિશલા માતા આક્રંદ કરવા લાગ્યાં. રાજા સિદ્ધાર્થ ચિંતાતુર બન્યા. રાજમહેલમાં ચાલતાં નાટકો અટકી ગયાં, વીણા અને મૃદંગ વાગતાં બંધ થઈ ગયાં. ત્રિશલા માતા મૂર્છિત થઈ ગયાં. ગર્ભસ્થ વર્ધમાને અવધિ-જ્ઞાનથી માતા અને પરિવારજનોને શોકવિહ્વળ થયેલાં જોયાં. એમણે વિચાર્યું કે જે કામ સુખને માટે કર્યું, તેનાથી તો ઊલટું દુઃખ નિષ્પન્ન થયું. ભર્યા જળાશયમાં મત્સ્ય હાલે તેમ ગર્ભ ફરક્યો અને માતા હસી પડી. આખી દુનિયા હર્ષમાં ડૂબી ગઈ. આ ઘટનાએ મહાન આત્માના ચિત્ત પર ગાઢ અસર કરી.

એમણે વિચાર્યું કે માતાને પુત્ર તરફ કેવો અજોડ પ્રેમ હોય છે ! હજી હું ગર્ભમાં છું, માતાએ મારું મુખ પણ જોયું નથી છતાં કેટલો બધો પ્રેમ ! આવાં માતા-પિતા હોય અને હું સંયમ ધારણ કરું તો એમને ઘણું દુઃખ થાય. આથી અભિગ્રહ કરું છું કે માતા-પિતાની જીવિત અવસ્થામાં હું સંસારનો ત્યાગ કરીને દીક્ષા નહીં લઉં. જન્મપૂર્વે ભગવાને પહેલો ઉપદેશ આપ્યો માતૃભક્તિનો.

માતા ત્રિશલા રાતદિવસ પોતાના ભાવિ સંતાનની ચિંતામાં ડૂબેલાં રહે છે. એમના મનમાં જુદા જુદા દોહદ - ઇચ્છા - જાગે છે. એ વિચારે છે કે ચારે દિશામાં અમારિ ઘોષણા કરાવું. અમારિ ઘોષણા એટલે પશુપંખીને મારવાં નહીં એવી અહિંસક રાજ-ઘોષણા.

રાણીના મનમાં ભાવ જાગે છે કે બસ, ખૂબ-ખૂબ દાન આપું, સાધુસંતોની ભાવપૂર્વક પૂજા કરું, અનેરો નંદ મહોત્સવ કરું, સહુને બોલાવીને સાધર્મિક વાત્સલ્ય કરું, સર્વ જન પર કલ્યાણ દૃષ્ટિએ શાસન ચલાવું, હાથી પર બેસીને વાજિંત્રો સાથે લોકો ભારે આનંદથી 'જય જય' કરતાં હોય એ રીતે સવારીએ નીકળું. રાજા સિદ્ધાર્થ રાણી ત્રિશલાના આ દોહદો હોંશભેર પૂર્ણ કરે છે. આ દોહદ પણ મહાન આત્માના આગમનની એંધાણી આપનારા બની રહ્યા.


સમય વીતતો જાય છે. રૂડી ગ્રીષ્મ ઋતુના ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની તેરસનો એ દિવસ હતો. એ દિવસે માતા ત્રિશલા દેવીની કૂખે વર્ધમાનનો જન્મ થયો. જે વર્ધમાને આ જગતને અહિંસા, અપરિગ્રહ, અનેકાન્ત જેવી મહાન ભાવનાઓનો પ્રકાશ આપ્યો. તેઓ ભગવાન મહાવીર તરીકે ઓળખાયા.

(૨૩ મી એપ્રિલે **'મહાવીર જયંતી'** છે.)

**તમારા ક્યારેય નિષ્ફળ ન જનારા મિત્રોમાં પુસ્તકો સૌથી મોખરે છે.**

# કાલથી વેકેશન

– કિશોર જોષી



કાલથી વેકેશન, અરે ભાઈ ! કાલથી વેકેશન.
ના ભણવું, ના લેશન, ભાઈ ! કાલથી વેકેશન.

ઊઠવું વ્હેલા મોડા, સૂવું વ્હેલા મોડા,
ધિંગામસ્તી કરવી ને તોફાન થોડાં થોડાં,
ના ઘંટ પડે ટન... ટન, અરે ભાઈ ! કાલથી વેકેશન.

અમે તો ફરવા જાશું; ગામ, વાડી, ખેતરમાં,
અમેય ફરવા જાશું, વિમાન કે ગાડીમાં,
ખૂબ ખૂબ થાતું મન, અરે ભાઈ ! કાલથી વેકેશન.

લઈ પતંગ ને માંજો, દોરી ને ભમ્મરડો,
બેટ-બોલ સહુ લઈને, રમશે આ બેટમડો,
ના મન થાકે ના તન, અરે ભાઈ ! કાલથી વેકેશન.

ભમ ભમ ભમ ભમ ભમશું, ચપચપ ચપચપ ખાશું,
થૈ થૈ થૈ થૈ નાચીને, આ... આ... આ.. ગાશું,
ભરશું નવચેતન, અરે ભાઈ ! કાલથી વેકેશન.

પુસ્તકો એટલે વિચારોના વૃંદાવનમાં ઊભેલાં વૃક્ષો.

# અગ્નિશમન સેવા દિન

– દીપક જગતાપ

૧૪ એપ્રિલ એટલે 'અગ્નિશમન સેવા દિન'. આ દિવસે લોકો આગની ભયાનકતા સમજે અને આગના બનાવ સમયે સાવચેત રહે તેવા પ્રયત્નો **'અગ્નિશમન સેવા દળ'**ના જવાનો દ્વારા કરવામાં આવે છે. ૧૪ એપ્રિલના દિવસની ગોઝારી ઘટનાની યાદ તાજી કરવા થોડાં વર્ષ પાછળ જવું પડે.

૧૪ એપ્રિલ, ૧૯૪૪ના દિવસે મુંબઈના 'વિકટોરિયા ડોકયાર્ડ'માં ઈંગ્લૅન્ડનું 'ફોર્ટ સ્ટાઈકીન' નામનું માલવાહક જહાજ લાંગરવામાં આવ્યું હતું. ધૂમ્રપાન દ્વારા ઊડેલા એક સામાન્ય તણખામાંથી આ જહાજમાં ભીષણ આગ લાગી હતી. આ જહાજમાં ૨૦ લાખ પાઉન્ડની સોનાની પાટો, લડાયક શસ્ત્રો, સ્ફોટક પદાર્થો, લશ્કરી દારૂગોળો વગેરે મળી ૭૨૦૦ ટન વજન ઈંગ્લૅન્ડથી ભરવામાં આવ્યું હતું. ઉપરાંત કરાંચીથી પણ કેટલોક સામાન ભરવામાં આવ્યો હતો. આગની ઝપટમાં આવતાં જ ભયંકર ધડાકા સાથે જહાજ એક અગનગોળો બની ચૂક્યું હતું.

જહાજની આગને બુઝાવવાની બચાવ કામગીરી દરમિયાન મુંબઈ મહાનગર પાલિકાના અગ્નિશમન સેવા દળના ૬૬ કર્મચારીઓ સાથે ૩૨૧ માણસો આ ભીષણ આગનો ભોગ બની મૃત્યુ પામ્યા હતા અને ૧૪૦ માણસોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ધૂમ્રપાનના સામાન્ય ગણી શકાય એવા તણખામાંથી ભીષણ આગમાં પરિવર્તિત થયેલા આ માલવાહક જહાજના આગના ધડાકાથી મુંબઈ ડોકયાર્ડની ધરા ધ્રૂજી ઊઠી હતી. અને પાંચ હજાર ટન વજનનું ૧૨૦ મીટર લાંબુ આ જહાજ ૧૮ મીટર ઊંચે હવામાં ફંગોળાયું હતું. આની સાથે આસપાસનાં નાનાં-મોટાં ૨૬ જહાજો ગોદીમાં ડૂબી ગયાં હતાં. આ દિવસ ૧૪ એપ્રિલ હોવાથી એને 'અગ્નિશમન સેવા દિન' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ દિવસે અગ્નિશમન દળના શહીદ થયેલા બહાદુર જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે અને વીર જવાનોના કલ્યાણ અર્થે યોગદાન અપાય છે.

આપણા રોજીંદા જીવનમાં આગની ઘટના સામાન્ય બની ગઈ છે. બે રાષ્ટ્રો વચ્ચેના યુદ્ધ દરમિયાન પણ આગબૉમ્બથી સામેના રાષ્ટ્રને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આવી ઘટનાઓ બને ત્યારે પ્રજાજીવન ખોરવાઈ જાય છે અને લોકોમાં ગભરાટ ફેલાઈ જાય છે. આવી સ્થિતિમાં આગ સમયે જાગૃતિ કેળવવા તેમજ અગમચેતીનાં પગલાં લેવા અનિવાર્ય બને છે. 'અગ્નિશમન સેવા દળ' આવી ઘટનાઓ ઘટે ત્યારે ખડે પગે તૈયાર હોય છે અને ઓછામાં ઓછી જાનહાનિ અને માલહાનિ થાય એ માટે સક્રિય રહે છે.

આમ પ્રજાએ પણ સ્વૈચ્છિક રીતે કેટલીક સાવચેતી રાખવી જોઈએ. જેમકે ઘરની બહાર જતી વખતે ઈલેક્ટ્રિક સ્વીચો બંધ રાખવી, રાંધણગેસના સિલિન્ડરનો કૉક બંધ રાખવો, ઘરના વાયરીંગમાં કોઈ ખામી જણાય તો તરત જ સરખું કરાવવું, જાહેરમાં ધૂમ્રપાન ન કરવું, આગ વધુ પ્રસરે એ પહેલાં અગ્નિશમન સેવા દળ (ફાયર બ્રિગેડ)ને જાણ કરવી... વગેરે. આપણા સૌની આટલી સાવચેતી મોટી દુર્ઘટના રોકી શકે છે.

મનને પોષણ આપતો અમીકુંભ એટલે પુસ્તક.

# Let's Know...

**Why is the leopard a hugely skilled hunter?**



Leopards are found in a variety of habitats ranging from tropical forests to mountains. They are most widely distributed in Southern Africa and Southeast Asia. Weighing in at an average 60 kgs, leopards are half the size of lions and tigers. But what leopards lack in size, they make up for in strength. With their specialized senses and anatomy tailored for hunting, leopards can occasionally slay animals up to three times their size.

When a leopard sights a potential target, it stalks forward with head low and legs bent, making clever use of cover. Once it is within a range of about 10 metres, this cat dashes forward and uses the sharp, hooked claws of each forepaw to kill its prey.

The killing bite is directed at the nape of the neck or at the throat. Small prey such as mice, rats and small birds are simply swatted to death with a single swipe of a paw. The prey is often carried up into a tree, and wedged among the branches, so that the leopard can eat in peace. Leopards are so strong that they can carry carcasses weighing more than 50 kgs up vertical tree trunks!

## Leopard on Tree Tops



Leopards spend a lot of their time on trees. Cubs learn to climb trees when they are young, and their mothers leave them up in the branches for their own safety. Leopards regularly sleep on tree tops too. However, they find climbing down trees more difficult than climbing up, because of their backward pointing claws.

## Snow Leopard



Snow leopards live in the mountains of Central Asia. They are greyish in colour, and are insulated by thick hair. Their wide, fur-covered feet act as natural snowshoes. They use their long tails for balance, and as blankets to cover sensitive body parts against the sever mountain chill. They are hunted for their beautiful, warm fur, and for their organs, which are used in traditional Chinese medicine.

*- With Thanks from 'Tell me why' - Manorama*

Readiing is a basic tool for living meaningful life.

# Chose your friends carefully

– Brahmavarchas



A tortoise and a scorpion lived as neighbors on the bank of a river. The tortoise was very kind hearted. It always talked sweetly and never harmed anyone. On the other hand, the scorpion had a different nature. He was in the habit of using bad language and quarreling without reason. The scorpion chased and stung everyone who came in his way or did not agree with him.

On the other hand, because of its good nature, all neighbors liked the tortoise. Throughout the day, the tortoise moved around, talking to other animals and helping them in need. Because of its helping nature and sweet language, he had made many friends. Everyone avoided the scorpion because of its bad behavior.

Since no one wanted to talk to the scorpion, it felt very sad and lived all alone, hiding in dark corners under the stones. During the nights only, when everyone had gone to sleep, it would come out in search of food. In the mornings when everyone woke up and moved around, the scorpion again went hiding under the rocks.

Because the tortoise had many friends and the scorpion had none, the scorpion felt very jealous of the tortoise. The scorpion did not realize that the tortoise had made many friends because of its sweet tongue and helping nature.

Whenever the tortoise entered the river, for swimming all animals gathered on its bank to watch.

Everyone wanted to learn swimming from the tortoise. They knew that amongst all animals living on the bank of the river only tortoise was familiar with the places in land and river. They believed that because of this knowledge only the tortoise could teach them swimming at the right place.

On the other hand, the scorpion believed that everyone liked the tortoise because it knew how to swim. He thought until he also learnt swimming, he could not have friends like the tortoise.

Reading : a boon of limitless joy.

However only the tortoise could teach him.

One day the scorpion went to the tortoise and said, “Dear friend! Please teach me how to swim in the river?” Since the tortoise was always helpful to others, it agreed to teach swimming to the scorpion.

The tortoise said,” very well. I will teach you swimming. However, first you have to learn to swim in shallow waters on the bank of the river. Only after learning to swim in the shallow water and developing strength, you should enter the deep waters”.

The scorpion agreed to this suggestion. It began to practice under the guidance of the tortoise. After practicing for a few days, the scorpion could easily swim in the shallow water on the bank of the river. However, even after learning to swim, the scorpion found that no one approached him to learn swimming. The animals still wanted to learn swimming under the guidance of the tortoise because of his sweet nature.

It made the scorpion all the more jealous of the popularity of the tortoise. The scorpion thought, if he could somehow kill the tortoise, he would be left as the only swimmer amongst the animals. Then other animals will have no other choice. They will have to come to him to learn swimming and become his friends.

He made a plan to kill the tortoise. One day the scorpion went to the tortoise and said. “You have taught me swimming in shallow water. I also want to learn to swim in the swift current in the middle of the river. Could you carry me on your back to the middle of the river and teach me there.”

As a matter of fact, the scorpion had no desire to swim in the middle of river. He wanted to take the tortoise to the middle of the river, where he could kill it with its poison. He thought that after being stung with his poison in the middle of the river, the tortoise would become unconscious. Then he will not be able to swim back to the bank and will be drowned in the river. After the death of the tortoise he would become the only swimmer and everyone will become his friend.

The tortoise did not suspect the wrong motive of the scorpion and agreed to take it to the middle of the river. He asked the scorpion to sit on his back and they swam together for some length in the river.

**– Translation by : Shri T.N. Sahay**

*(Grab the next issue to complete the story)*

Books : creator of the world of feelings.

# Books want to say something

– Safdar Hashmi



Books
They speak
Of days gone by
Of the world, of people
Of today, Of yesterday
Of every moment
Of joys, Of sorrows
Of flowers, Of bombs
Of victory, Of defeat
Of love, Of death.
Will you not listen
To the words of these books?
Books want to say something
They want to stay near you
In books is the chirping of birds
In books is the swaying of fields
In books is the murmur of streams
The tales told by fairies
In books is the reign of rockets
In books is the voice of science
What a world is there in books
In books is an entire view of life
Don't you want to enter
This world?
Books want to say something to you
They want to stay near you

Books light lamps in every house.

# Ideal Teachers

- THE MOTHER

Children have everything to learn. This should be their main preoccupation in order to prepare themselves for a useful and productive life.

At the same time, as they grow up, they must discover in themselves the thing or things which interest them most and which they are capable of doing well. There are latent faculties to be developed. There are also faculties to be discovered.

Children must be taught to like to overcome difficulties, and also that this gives a special value to life; when one knows how to do it, it destroys boredom forever and gives an altogether new interest to life.

We are on earth to progress and we have everything to learn.

What you should do is to teach the children to take interest in what they are doing-that is not the same thing as interesting the students ! You must arouse in them the desire for knowledge, for progress. One can take an interest in anything.. in sweeping a room for example.. If one does it with concentration, in order to gain an experience, to make a progress, to become more conscious...

Most teachers want to have good students : students who are studious and attentive, who understand and know many things, who can answer well.. good students. This spoils everything. The students begin to consult books, to study, to learn. Then they rely only on books, on what others say or write, and they lose contact with the superconscient part, which receives knowledge by intuition. This contact often exists in a small child but it is lost in the course of his education.

Reading is the 'Ganga-Jal' of man's life.

...The growth of the understanding should be stressed much more than that of memory. One knows well only what one has understood. Things learnt by heart, mechanically, fade away little by little and finally disappear; what is understood is never forgotten.

Moreover, you must never refuse to explain to a child the how and the why of things. If you cannot do it yourself, you must direct the child to those who are qualified to answer or point out to him some books that deal with the questions. In this way you will progressively awaken in the child the taste for true study and the habit of making a persistent effort to know.

One must have a lot of patience with young children, and repeat the same thing to them several times, explaining it to them is various ways. It is only gradually that it enters their mind.

Intelligence and capacity of understanding are surely more important than regularity in work. Steadiness may be acquired later on.

In assessing the possibilities of a child, ordinary moral notions are not of much use. Natures that are rebellious, undisciplined, obstinate, often conceal qualities that no one has known how to use. Indolent natures may also have a great potential for calm and patience.

It is a whole world discover and easy solutions are not of much use. The teacher must be even more hard working than the student in order to learn how to discern and make the best possible use of different characters.

# UNICEF'S Core Commitments for Children

## Goal

The Core Commitments for Children (CCCs) in Humanitarian Action are a global framework for humanitarian action for children undertaken by UNICEF and its partners.

This framework is guided by international human rights law, in particular the Convention on the Rights of the Child and, in the case of complex emergencies, also by international humanitarian law. On an operational level, the CCCs are based on global standards and norms for humanitarian action (see Section 1.1).

The CCCs promote predictable, effective and timely collective humanitarian action. They are realised through a partnership between governments, humanitarian organizations (including UNICEF) and others, mobilizing both domestic and international resources.

The CCCs are driven by the need to fulfill the rights of children affected by humanitarian crisis, and they are therefore relevant in all countries. The CCCs are also applicable to both acute sudden-onset and protracted humanitarian situations.

## Humanitarian principles

UNICEF is committed to applying humanitarian principles in its humanitarian action. Such principles include:

- ***Humanity:*** upholding the principle that all girls, boys, women and men of every age shall be treated humanely in all circumstances by saving lives and alleviating suffering, while ensuring respect for the individual.
- ***Impartiality:*** ensuring that assistance is delivered to all those who are suffering, based only on their needs and rights, equally and without any form of discrimination.
- ***Neutrality:*** a commitment not to take sides in hostilities and to refrain from engaging in controversies of a political, racial, religious or ideological nature.

Books make life a dome of many coloured glass.

Humanitarian principles are reinforced by raising awareness, building trust and advocating for children's rights in humanitarian situations, together with state authorities, non-state entities and communities.

**Gender equality in humanitarian action**

A human rights-based approach to programming and gender equality programming are complementary and mutually reinforcing approaches. The term 'gender equality' refers to the equal enjoyment by girls, boys, women and men of rights, socially valued goods, opportunities, resources and rewards. Equality does not mean that girls, boys, women and men are the same, but that their enjoyment of rights, opportunities and life chances is not governed or limited by whether they were born female or male.

Humanitarian crises can exacerbate pre-existing gender inequalities and may lead to increased risks, exclusion and discrimination. They can, however, also provide opportunities for positive change, allowing for a shift in traditional roles, attitudes, beliefs and exclusion practices.

UNICEF is committed to ensuring that gender equality is integrated consistently in its disaster prevention, humanitarian response and recovery programmes. Promoting gender equality in humanitarian action is most effectively achieved by ensuring that the assistance and protection provided are planned and implemented to benefit girls, boys, women and men, in line with an analysis of their rights, needs and capacities. This fosters a more accurate understanding of the situation, facilitates the design of more appropriate responses, highlights opportunities and resources within the affected community, and provides a link between humanitarian assistance and long-term development.

(The convention on the rights of the child)

The library is the heart of a university.


# Read & tell your friends

– Compiled

- Indoor polution is 10 times more toxic than outdoor pollution.
- Babies eyes do not produce tears until the baby is approximately six to eight weeks old.
- Hard to believe : apples are actually part of the rose family.
- Elephant is the only animal that can not jump.
- Three hundred million cells die in the human body every minute.
- The catfish has over 27000 taste buds.
- Starfish don't have brain.
- A giraffe can go without water longer than a camel can.
- Soda water = there is no soda in soda water. It is water charged with carbonic acid gas.
- Some japanese household keep fish which start dashing out about the aquarium a few hours before an earthquake.
- Rats can survive without water longer than camel.
- The sailfish can swim faster than a horse can gallop.
- The most widely cultivated fruit in the world is the apple. Second is pear.
- A full moon is nine times brighter than the half moon.
- The world's most popular hobby is stamp collection.
- A dog can hear high frequency sounds, which a human ear cann't.
- If you keep goldfish in the dark room, it will eventually turn white.
- The spider has eight eyes and yet it's vision is poor.
- The bee has five eyes, one each side of head & three on top.
- The female bug under observation lived for 565 days without food.
- Pythons can live on just one good meal for a year.
- Brain activity uses up one fifth of the body's energy supply.
- The longest nerve, the sciatic nerve, runs from the base of the spine to the knees.

The holiest place in the world is my book-shelf.

# I'm Bharatiya !




# CU cares for me !



# ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશનમાં ઈન સર્વિસ ટીચર્સ માટેના ડિપ્લોમા કોર્સ

**'ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન યુનિવર્સિટી'**, ગાંધીનગર શ્રેષ્ઠ શિક્ષકોના નિર્માણ માટે કાર્યરત એવી સંપૂર્ણ કક્ષાની ટીચર્સ યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીને 'વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ' (યુ.જી.સી.) દ્વારા માન્યતા પણ મળી ચૂકી છે. ખાસ કરીને પ્રારંભિક તબક્કે ઉત્તમ શિક્ષકો નિર્માણ કરવા માટે બી.એ., બી.એડ./બી.એસ.સી., બી.એડ.નો ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ ખૂબ જ સફળતાપૂર્વક ચાલે છે અને યુનિવર્સિટી દ્વારા - ૧૯ જેટલા વિષયોમાં પી.એચ.ડી. પ્રોગ્રામનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઈન સર્વિસ ટીચર માટે આંતરરાષ્ટ્રીય સ્તરના બે ડિપ્લોમા અભ્યાસક્રમોનો પ્રારંભ થઈ રહ્યો છે. ઈન સર્વિસ શિક્ષકોને પણ આવરી લે, તે પ્રકારના સર્વગ્રાહી તાલીમ સાથેના આ બન્ને અભ્યાસક્રમો શરૂ કરવા અર્થે આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટીએ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

પ્રથમ અભ્યાસક્રમ એટલે **ડિપ્લોમા ઈન એજ્યુકેશન કાઉન્સેલિંગ** અને બીજો અભ્યાસક્રમ એટલે **ડિપ્લોમા ઈન એજ્યુકેશન મેનેજમેન્ટ.** આ બન્ને અભ્યાસક્રમની વિશેષતા એ છે કે જે-તે શાળાઓમાં સેવારત (ઈનસર્વિસ) રહેલાં શિક્ષક ભાઈ-બહેનો સપ્તાહના અંતે; એટલે કે શનિવારે સાંજે અને રવિવારે બપોરે આઈ.આઈ.ટી.ઈ.ના કેમ્પસ ખાતે આવીને ગાઈડન્સ માટેના લેક્ચર્સમાં ભાગ લઈ શકશે. પ્રત્યેક અભ્યાસક્રમનાં ચાર-ચાર પેપર્સ (પ્રશ્નપત્ર) રાખવામાં આવ્યાં છે. કુલ ૪૫ કલાકનો અભ્યાસક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે. પંદર સપ્તાહના સમયગાળામાં આ અભ્યાસક્રમ પૂર્ણ થશે.

આ યુનિવર્સિટી સંપૂર્ણપણે અનુદાનિત હોઈ અભ્યાસક્રમની ફી (સમગ્ર અભ્યાસક્રમની) માત્ર રૂા. ૫૦૦૦/- રાખવામાં આવી છે. આઈ.આઈ.ટી.ઈ.ની હોસ્ટેલ ખાતે શિક્ષક ભાઈ-બહેનોની અલગ વિંગમાં નિવાસ અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે, જેનો સમાવેશ ઉક્ત ફીમાં થતો નથી.

આઈ.આઈ.ટી.ઈ.ના પ્રથમ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાએ ઈન સર્વિસ શિક્ષક ભાઈ-બહેનોને આ અભ્યાસક્રમનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

કુલસચિવ શ્રી બિપિન ભટ્ટના માર્ગદર્શન અંતર્ગત તેમજ એકેડેમિક ઈન્ચાર્જ ડૉ. સુનીલ સાગર અને કોર્સ કો-ઓર્ડિનેટર ડૉ. વિપુલ ઠાકરે દેશના જાણીતા તજજ્ઞો મારફતે સમગ્ર અભ્યાસક્રમ તૈયાર કરાવ્યો છે.

**વિશેષ વિગત માટે**

**સંપર્કસૂત્ર :- ડૉ. વિપુલ ઠાકર (કો-ઓર્ડિનેટર) ઓફિસ સમય દરમિયાન : ૯૪૨૭૭ ૪૭૪૯૧**

## બાળવિશ્વ અંગે...

- **'બાળવિશ્વ' દર મહિને પ્રગટ થાય છે. એનું લવાજમ વાર્ષિક રૂા. ૧૫૦ અને પંચવાર્ષિક રૂા. ૬૦૦ છે.**
- **અંક ન મળવા અંગે તથા અન્ય પૂછપરછ માટે મો. નં. ૯૯૭૮૪૦૭૩૩૦ ઉપર સંપર્ક કરવો.**
- **લવાજમ ભરવા માટે ફક્ત રાષ્ટ્રીયકૃત બેન્કનો 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ના નામનો Acount Pay ક્રોસ ચેક રજિસ્ટ્રાર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નામે અત્રે મોકલશો.**
- **ચેકની પાછળ લવાજમ ભરનારનું પૂરું નામ-સરનામું તથા મોબાઈલ નંબર અવશ્ય લખવા.**
- **રોકડેથી લવાજમ ફક્ત યુનિવર્સિટીના કાર્યાલયે જ સ્વીકારવામાં આવશે.**

જે વાચક મિત્રોને વિનામૂલ્યે અંક મોકલવામાં આવે છે, તેઓને હવેથી લવાજમ ભર્યે જ અંકો મોકલવામાં આવશે. તો સત્વરે લવાજમ મોકલી દેવા વિનંતી.

**માનવસમાજની સર્વોત્કૃષ્ટ સેવા પુસ્તકો દ્વારા જ થઈ શકે છે.**

# પ્રવૃત્તિદર્શન

– સંકલન

યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ અને નિયામક શ્રી મહેન્દ્ર ચોટલિયા દિ. ૧૨ થી ૧૯ માર્ચ દરમિયાન પોંડિચેરી અને કર્ણાટકની અનેક શિક્ષણ સંસ્થાઓ તેમજ અનેક શિક્ષણવિદોની મુલાકાત લઈ આવ્યા.

પોંડિચેરીમાં અરવિંદ આશ્રમ દ્વારા અનોખી પદ્ધતિથી શિક્ષણકાર્ય ચાલે છે. કોઈ અભ્યાસક્રમ નહીં, પરીક્ષા નહીં કે પ્રમાણપત્ર પણ નહીં... એવી રીતે કે.જી. થી સ્નાતક સુધીનું શિક્ષણ ચાલે છે. ૪૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે ૧૫૦ અનુભવી શિક્ષકો છે. રોજનું દોઢ કલાકનું શારીરિક શિક્ષણ ફરજિયાત છે.

પોંડિચેરીથી ૧૫ કિ.મી. દૂર આવેલા ઓરોવીલ ગામમાં Global village માં ૨૫૦૦ લોકો વસે છે. મોટા ભાગના લોકો વિદેશથી આવીને વસ્યા છે. એમનાં બાળકોનું શિક્ષણ પણ પ્રકૃતિની ગોદમાં વિશિષ્ટ રીતે ચાલે છે. પોતાને ભણવાના વિષયોની પસંદગી બાળક પોતે કરે અને તદનુરૂપ વ્યવસ્થાઓ ત્યાંની સ્કૂલો દ્વારા પૂરી પાડવામાં આવે.

આ બંને જગ્યાએથી વિદ્યાર્થીને ભણ્યાનું કોઈ પ્રમાણપત્ર આપવામાં આવતું નથી. છતાં એમાંથી અનેક ભાષાઓ ભણીને બહાર પડેલા સક્ષમ યુવાનો દેશ-વિદેશમાં સરસ રીતે કાર્યરત છે.

પ્રવાસ દરમિયાન, યુનિવર્સિટીનો પાયો નાખનાર ઋષિતુલ્ય વ્યક્તિ શ્રી કિરીટભાઈ જોશીનું માર્ગદર્શન પણ મળ્યું. અરવિંદ સોસાયટીના અગ્રણી શ્રી વિજય પોદ્દાર કે જેઓ ગ્રામવિકાસના ૧૧ જેટલા પ્રકલ્પો ચલાવે છે તેમની સાથે પણ ફળદાયી ચર્ચા થઈ.



બેંગ્લોરમાં ‘ગુરુદર્શન સ્કૂલ’ ના એક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને વિશેષ નિમંત્રિત શિક્ષણવિદો ૪૦૦ જેટલી સંખ્યામાં ઉપસ્થિત હતા. એમને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની ફિલ્મ દેખાડવામાં આવી અને કુલપતિશ્રી તથા નિયામકશ્રી દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી.

કર્ણાટક રાજયના DSERT (Directorate of state For Education, Research & Training) ના કાર્યાલયના 20 જેટલા અધિકારીઓ અને સ્થાનિક 10 NGO ના કાર્યકર્તાઓ સમક્ષ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની અસરકારક પ્રસ્તુતિ કુલપતિશ્રી દ્વારા કરવામાં આવી.

બેંગ્લોરની ‘પ્રશાંતિ કુટિરમ્’ સ્થિત S-Vyasa University ના કુલપતિ શ્રી રામચંદ્ર ભટ, પૂર્વ કુલપતિ શ્રી એચ. નગેન્દ્ર અને સંશોધન ક્ષેત્રે કાર્યરત ડૉ. નવીન સાથે પણ વિસ્તૃત ચર્ચા થઈ. બંને યુનિવર્સિટીઓએ સાથે મળીને કાર્ય કરવા અંગે વિસ્તૃત યોજના બનાવી.

બેંગલોરથી ૪૫ કિ.મી. દૂર એક ચન્નેનહલ્લી નામનું સ્થાન છે ત્યાં પણ જવાનું થયું, જયાં ‘જન સેવા ટ્રસ્ટ’ દ્વારા ચાલતા સુંદર ગુરુકુળની મુલાકાત લીધી. અહીં વેદ, વિજ્ઞાન,યોગ, કૃષિ અને કલા - એવા પાંચ વિષયોનું નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવે છે. કુલ ૬૫ વિદ્યાર્થીઓ વૈદિક પરંપરાનું તેજોમય શિક્ષણ મેળવી રહ્યા છે.

**પુસ્તકોને સ્થળ અને કાળનાં બંધનો નડતાં નથી.**



ત્યાંથી છેલ્લે મૈત્રેયી ગુરુકુળ (મેંગલોર પાસે) ગયા. અહીં પણ ૮૫ જેટલી દીકરીઓ વૈદિક પરંપરાનું અદ્ભુત શિક્ષણ મેળવી રહી છે. ૧૩૦ એકર જગ્યામાં અત્યંત પ્રાકૃતિક વાતાવરણમાં શિક્ષણની અનોખી વ્યવસ્થા જોઈ મન આનંદવિભોર બન્યું.

આમ ૮ દિવસનો પ્રવાસ અત્યંત જ્ઞાનવર્ધક અને ફળદાયી રહ્યો. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિચાર અને કાર્યનો પ્રસાર કરવામાં પણ સફળતા મળી.

- 'બાળ વિશ્વવિદ્યાલય' ના માન્ય વિદ્યાનિકેતન **શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર**, ભાવનગરમાં દિ. ૧૮ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન **કલાકૌશલ્ય અને જીવનશિક્ષણ** તેમજ **સંગીત અને જીવનશિક્ષણ** કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૫ અને ૬ ના વિદ્યાર્થીઓ માટે બાળ વિશ્વવિદ્યાલયના કાર્યકર્તાઓ શ્રી હાર્દિક ભટ્ટ અને શ્રી નિકુંજ વાગડિયાએ કલા-કોશલ્ય અને સંગીતને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરાવી હતી.
- 'બાળ વિશ્વવિદ્યાલય' ના કુલપતિશ્રી સહિત સર્વે અધિકારી-કર્મચારીગણનો ચિંતનશિબિર દિ. ૦૫-૦૩-૨૦૧૩ ના રોજ ઋતુમાન ફાર્મ હાઉસ, કસ્તૂરીનગર-કલોક ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં 'બાળ વિશ્વવિદ્યાલય'નાં માન્ય વિદ્યાનિકેતનોમાં કેવી કેવી પ્રવૃત્તિઓ અને સંશોધનો હાથ ધરવાં જોઈએ એ વિશે સામૂહિક ચિંતન કરવામાં આવ્યું હતું. અંતે કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ અને નિયામક શ્રી મહેન્દ્ર ચોટલિયાએ ખૂટતી કડીઓની પૂર્તિ કરી વિદ્યાનિકેતનની સંકલ્પના વિસ્તારથી સમજાવી હતી. શિબિરનું સમગ્ર આયોજન અને વ્યવસ્થા શ્રી અનંત શુક્લ અને તર્પણા વ્યાસે સંભાળ્યાં હતાં.



- દિ. ૦૮-૦૩-૧૩ ના રોજ 'મહિલા દિન' નિમિત્તે ઈ.એસ.આઈ.એસ. દવાખાના, મણિનગર, અમદાવાદ ખાતે 'ગર્ભસંસ્કાર' વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં 'બાળ વિશ્વવિદ્યાલય' ના સલાહકાર શ્રી જ્યોતિબહેન થાનકી ઉપસ્થિત રહ્યા હતા અને 'બાળ વિશ્વવિદ્યાલય' ના તપોવન કેન્દ્રમાં ચાલતી પ્રવૃત્તિઓને આવરી લઈ વિષયાનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. કુલ ૨૫૦ જેટલી બહેનો આ સેમિનારમાં ઉપસ્થિત રહી હતી.



પુસ્તક આપે પાંખો, ભીતર જોવાની આંખો.